© AJH 2021 | Vol. 03, Issue 02, July – September 2021

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# ગઢ કાલરીથી ગઢ કામલુ (કંબોઈ)

**Mallikaben G. Patel**

Ph.D. Research Scholar in History

H.N.G.Uni., Patan

***સારાંશ :-***

*કાલરીગઢના સોલંકી શાસકો મૂળરાજના વંશજો હતા. કાલરીમાં લાંબા સમય સુધી શાસન કર્યા બાદ કાલરીના વજેરાજજી પાટણના મુસ્લિમ રાજા મહંમદ સાથે યુદ્ધ થતાં તેમાં વિરગતિ પામેલ અને ત્યાંથીતેમના પત્નિ અનોપકુવરબા તેમના પિયર નિકળી ગયેલા રસ્તામાં જતા રાજ્ય માટે સારી જગ્યા જોઈ ત્યાં એક ગામ વસાવ્યું અને ધીમે ધીમે તેમને કામલું ગઢ બંધાવ્યો. આ ગઢમાં સોલંકી વંશના રાજાઓ ગાદીએ આવ્યા. તેમનો ઉલ્લેખ કરતા લેખો, તેમના વિસ્તારો, પોતાની આગવી ઓળખાણ દર્શાવતા પ્રદેશોના નામકરણ, ધાર્મિકજીવન, લોકોની તાદૃશ્ય જીવનશૈલી આ ઉપરાંત રાજાઓ સાથે થયેલા યુદ્ધો તેમજ બનાસ નદીના કારણે કામલુ ગઢ નદીમાં નષ્ટ પામ્યો  અને નવા કંબોઈની સ્થાપના કરી ત્યાં સોલંકી વંશે ફરી પોતાની રાજ્ય સત્તા સંભાળી ત્યાં રાજ્ય કર્યું. આવા ઈતિહાસ લેખનો માંથી ઈતિહાસમાં રહી ગયેલી ક્ષતિઓ પૂર્ણ થાય છે.*

***Key Words:***

*સોલંકીવંશ, પ્રદેશ નામકરણ, કાલરીગઢ, બનાસનદી  કાંઠો, કંબોઈ નગર*

**પ્રસ્તાવના :**

ગુજરાતમાં સોલંકીવંશની સ્થાપના થઈ તે સમયે અણહિલવાડ પાટણ એ ગુજરાતની રાજધાની હતી. પરંતુ આ સોલંકી સમય દરમ્યાન ગુજરાતમાં સોલંકીઓનું મુખ્ય સ્થાન ગઢ કાલરી હતું. જેના ઘણા ઉલ્લેખો મળે છે. પ્રથમ ઉલ્લેખ મુજબ સંવત ૮૬૮ મહા સુદી-૮ને સોમવારે

કન્નડદેવ ચાવડા (ઉર્ફે ભીમરાવ) એ કાલરી વસાવેલું. કાળું આહીરના પત્ની કાળી નામથી આ નગરનું નામ સંવત ૯૭૮ જેઠ સુદ-૨ અને ગુરુવારના દિવસે કાલરી રાખવામાં આવ્યું. એવો બીજો પણ ઉલ્લેખ મળી આવે છે. બીજા એક મત અનુસાર સંવત ૧૧૫૩માં અજયપાલના કુંવર મેઘપાલજી ૧૨૦ ગામની જાગીરી લઈને ગઢ કાલરી વસ્યા. બીજા એક ઉલ્લેખ મુજબ અજયપાળજીના મેઘપાળજીના જસરાજજીના સુરસંગજીના રતુજીના પુત્ર ગજુજી સંવત ૧૨૯૬માં ગઢ કાલરી વસાવેલું. તામ્રપત્રોમાં મળતા ઉલ્લેખ મુજબ નવમી સદીમાં પણ કાલરીનું અસ્તિત્વ હતું. કાલરીમાં ઉત્તર દિશામાં વિશાળ લીલાસર તળાવ છે. ગામના ગોંદરે હનુમાનજીનું સૌથી પ્રાચીન મંદિર છે. કાલરીની ઈશાન દિશા તરફ પળસલીયા મહાદેવનું મંદિર પણ આવેલું છે. સંવત ૧૭૨૨માં ભાથીજી નારણજી વિરાજી એ કાલરીગઢના પાટવી કુંવર હતા. લઘુજીને ડેડાણીએ માર્યો. તેના વેરમાં બચસંગ બાપુએ ૧૮ ડેડાણીયાઓને જીવતા સળગાવી દીધેલા. તેથી ડેડાણીયાની હત્યાના નિવારણ અર્થે બચસંગજી સોલંકીએ કુવો બંધાવ્યો હતો. અને સંવત ૧૮૭૦માં બચસંગજી સોલંકીના પુત્ર ડોસાજી બાપુએ મહાદેવનું દેરું બંધાવ્યું. જે આજે પણ પરસલા મહાદેવ તરીકે ઓળખાય છે. આ દેરા નીચે ગુજરાતીમાં એક લેખ કોતરવામાં આવેલો છે.

**કાલરીગઢ** :

કાલરીગઢની ગાદીએ મહારાજા વેણીદેવ સંવત ૧૨૦૫ના માગસર સુદ આઠમને બુધવારના રોજ ગાદી પર બિરાજમાન થયા હતા. તેમનું રાજ્ય લાંબા સમય સુધી ચાલેલું. તેમના પછી તેજમાલસિંહ સોલંકી કાલરીની ગાદીએ આવ્યા. તેમને કાલરીગઢથી ઉતર દિશામાં વાવ કરાળી અને કાલરીગઢનો દરવાજો પણ કરાવ્યો. તેજમાલસિંહ સોલંકીને પાંચ રાણીઓ અને ચાર કુંવર હતા. તેમાં સૂર્યાકુંવરબાના કુંવર વજેરાજસિંહ પાટવી કુંવર હતા. તે સમયે તેજમાલસિંહ વૃદ્ધ થતા તેમની જગ્યાએ કાલરીગઢની ગાદીએ વજેરાજસિંહ આવ્યા. તે સમયમાં કાલરીગઢના એકસો બ્યાસી (૧૮૨) ગામની જાગીર હતી. તે સમયે પાટણના બાદશાહ મહંમદે કાલરીગઢ ઉપર ચડાઈ કરી અને કાલરીગઢને ઘેરી લીધો હતો અને બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થતા છેવટે કાલરીગઢ બાદશાહે જીતી લીધો. તે સમયે કુંવર વજેરાજજી અને ઘણાં લોકો મરણ પામ્યા. ત્યાર બાદ

બાદશાહે તેજમાલસિંહ સામે અમલ કસુંબા કરીને ૧૮૨ ગામમાંથી ફકત ૧૮ ગામ કાલરીગઢ નીચે રાજ્યમાં ખંડણી આપવાની શરતે આપ્યા.

**રાણી અનોપકુંવરબા** :

તે સમયે વજેરાજજીના રાણી અનોપકુંવરબા સામંતસિંહ દેવડા, શિરોહીની કુંવરી હતા. તેમણે પોતાના કબીલા માફા સાથે કારભારી ગોરકુળદેવ અને બીજા અન્ય લોકોને લઈને કાલરીથી શીરોહી જવાં નીકળેલા ત્યાં વચ્ચે ઉગ્ર વન આવ્યું. ત્યાં થળીની મઢી હતી. જેમાં ઓગડજીની સ્થાપના હતી. ત્યાં ઉદરા ગામ વસાવ્યું અને ત્યાં વાસ કર્યો. તેની બાજુમાં ગોર દુદાના નામે દુદાસણ વસાવ્યું અને તે ગામમાં વાવ બંધાવી. તે સમયે રાણી અનોપકુંવરબાના કુખે વજેરાજજીનો અંશ હતો. તેનો દુદાસણમાં જન્મ થયો. તેમને લાડમાં હલાજી કહેતાં. અને બ્રાહ્મણોએ કુંડળી જોઈને વેણીદેવ નામ આપ્યું.

**કાબુલ ગઢ** :

રાણી અનોપકુંવરબા કાલરીગઢ નીકળ્યા ત્યારે સાથે કુળગોર દુદારામ તથા દિવાન સુખડા વિરચંદ, વાણિયા કસળચંદ વિરચંદના ઘર સાત, સોની હરી વલભના ઘર ત્રણ, ઘોયજા સુખાના ઘર બે, કુંભાર વેલાના ઘર બે, પટલિયા સાખે ભુડના ઘર બાસઠ, સુથાર જગન્નાથ પરષોતમના ઘર સાત, ભંગી ખેમલાનું ઘર એક, દરજી પ્રેમદાસનું ઘર એક, હરી ભગત તુરીયોના ઘર ચાર, અરજણ ભુતડીયાના ઘર, છ હરિજન દેવાના ઘર ચાર સાથે આવેલા. રાણી અનોપકુંવરબાએ ગોર દુદારામ કહેલ કે ગઢ બાંધવા માટે સારી ભૂમિ શોધો. ગોર દુદારામે બનાસ નદીના કિનારે શુભ મુહૂર્તે સંવત ૧૩૬૫માં ભાદરવા સુદ સાતમને સોમવારના દિવસે યુવરાજ વેણીદેવ સોલંકીના હાથે અગ્નિ ખૂણામાં ગઢની સ્થાપના કરેલ.

તે સમયે શિરોહીના મહારાજા સામંતસિંહ દેવડાએ કુંવરીને ગઢ બાંધવા ભીનમાલથી સલાટ લોકોને લાવીને ગઢનું બાંધકામ શરૂ કરેલું. જેમાં ૬૭૦ મજૂરોએ કામ કરેલું. ગઢની લંબાઈ પૂર્વથી પશ્ચિમ ૮૭૦ મીટર અને ઉત્તરથી દક્ષિણ ૫૨૪ મીટર હતી. તે સમયે તેનું ખર્ચ ૫૭,૫૩,૭૩૮/- રૂપિયા થયેલું. ગઢને વર્ષ ૭ માસ અને ૧૩ દિવસે પૂરું થયેલું ગઢને ચાર દરવાજા

પથ્થરના બનાવેલા હતા. તેમાં પૂર્વનો દરવાજો લક્ષ્મીપોળ કહેવાતો. તે દરવાજે લક્ષ્મીજીની સ્થાપના હતી. ત્યાં લોખંડની ચાર તોપો હતી. તે મુખ્ય દરવાજો હતો. પશ્ચિમ દરવાજો ગંગાપોળ કહેવાતો. ત્યાં ગંગાજીની સ્થાપના કરવામાં આવી હતી. તે દરવાજે રાણીઓ માટે મહેલ બનાવેલ હતો. રાણીઓને ગંગાસ્નાન કરવા માટે પગથિયાં બંધાવેલા હતા. દક્ષિણનો દરવાજો હનુમાનપોળ કહેવાતો. ત્યાં હનુમાનજીનું મંદિર હતું. બાજુમાં પૂર્વ દિશાએ બોરીયું તળાવ બંધાવવામાં આવ્યું હતું. ગઢની અંદર એક મહાદેવનું મંદિર બંધાવવામાં આવેલું. જેના અવશેષો આજે પણ જોવા મળે છે. આ મંદિરમાં નીલમ પત્થરનું લિંગ હતું. બીજા કેટલાક મંદિરો પણ ગઢની અંદર બંધાવવામાં આવેલાં. જેમાં ક્ષેમ કલ્યાણી અને બહુચર માતાનું મંદિર બંધાવેલું. બનાસ નદીના સામા કિનારે એટલે કે પશ્ચિમ દિશાએ ભગવાન મહાદેવજીનું બીજું મંદિર મંડલેશ્વર મહાદેવનું બંધાવેલું.

સંવત ૧૩૭૫ના મહાસુદ સાતમ અને સોમવારના રોજ ગઢનું તોરણ બાંધી મહારાજ વેણીદેવ સોલંકી ગઢની ગાદીએ બિરાજમાન થયેલ. અને ગઢનું નામ કામલુ ગઢ પાડવામાં આવેલ.

ગઢ કામલુમાં મહારાજ વેણીદેવ સોલંકીનું રાજ સિંહાસન ૫૧ કિલો ચાંદીથી મઢવામાં આવેલું અને રાજના ગૌર તરીકે મહારાજ વેણીદેવ અને અનોપકુંવરબાએ ગૌરદુદાની નિમણૂંક કરેલી. રાજ્યના કારભારી તરીકે કુરીયા શાખાના વાણિયા સુખડા વિરચંદને સોંપવામાં આવેલો. ગઢની અંદર અનોપકુંવરબાએ પોતાના કબીલા સાથે આવેલા લોકોનો વસવાટ કરાવેલો. અને નવી વસ્તી બ્રાહ્મણો, વાણિયા, રબારી, સુથાર, સોની, કળબી, ભંગી, ગઢવી, નાઈ, તુરી, કોળી, મારવાડી, લવાણા, મેઘવાળ, કાપડી, લુહાર, વણઝારા, ભીલ વગેરે લોકોનો વસવાટ કરાવેલો. અને પશ્ચિમ દિશાએ વાઘેલાઓની જાગીરીની સરહદે કંબોયું તળાવ બંધાવ્યું.

મહારાજા વેણીદેવ સોલંકીના લગ્ન તેજલ કુંવરબા સોઢા (ઉમરકોટના વિરમદેવસિંહ સોઢાના કુંવરી) સાથે થયેલા મહારાજ પાસે ૫૦૦ સૈનિકો હતા. એમાં મોટા ભાગના ભીલ રજપૂતો અને કોળી હતા. મહારાજ વેણીદેવ સોલંકીએ પોતાના પિતા કાલરીગઢના વજેરાજનું વેર વાળવા

પાટણના બાદશાહ મહમંદના ૪૨ ગામ ભાંગી હાહાકાર મચાવેલ. તેની ભાગેલા ગામોના પટેલો માથે ધખધખતી સગડીઓ માથે મુકીને પાટણ બાદશાહ પાસે આવીને ફરીયાદ કરેલી કે વેણીદેવ સોલંકીએ કાળોકેર કરી નાખ્યો છે. પાટણ બાદશાહે ફરીયાદ સાંભળી કામલુગઢ ઉપર ચડાઈ કરી અને દુદાસણમાં ગોરદુદાની હવેલીએ આવ્યો અને ગોરદુદા સાથે વાતચીત થતા બન્ને વચ્ચે સમાધાન કરવા ગોરદુદાએ જણાવ્યું તે અનુસાર ગોરદુદાએ રાજમાતા અનોપવકુંવરબા અને કુંવર વેણીદેવ સોલંકીએ ગોરદુદાની હવેલીએ બોલાવવામાં આવેલ અને તે અનુસાર બન્ને વચ્ચે સંધિ થતા વેણીદેવ સોલંકીએ પાટણના બાર દરવાજામાંથી વેરાનો હક આપવાની માંગણી કરેલ અને આ સંધિનો સ્વીકાર કરતા બાદશાહે ૧૩૮૧માં પાટણનાં બાર દરવાજામાં ચોથો ભાગ કર તરીકે આપેલ અને પાટણની મંડીનો ગરાસ હરહંમેશ દીન ઉગે એટલે રોજ રૂપિયા એકસોને પચ્ચીસ પૂરા રોકડા કામલુગઢના મહારાજ વેણીદેવ સોલંકીને આપવા તેવું નક્કી થયેલ. આમ અમલ કસુંબા કરી બાદશાહનું સૈન્ય પાટણ રવાના થયેલ.

વેણીદેવ સોલંકીને રાણી તેજલકુંવરબાની કૂખે કુંવરનો જન્મ થયો. તેનું નામ જસાજી રાખવામાં આવેલું. થોડા સમય પછી વેણીદેવ સોલંકીને નાનજી નામે બીજા પુત્રનો જન્મ થયો. બંને કુંવરો ઉમરલાયક થતા પાટવી કુંવર જસાજી સોલંકી ગઢની ગાદીએ બિરાજમાન થયેલ. સોલંકી જસાજીનું રાજ ગઢની અંદર લાંબો સમય ચાલેલું નહીં. કારણ કે બનાસ નદીના પૂરના કારણે ગઢને મોટું નુકસાન થયેલું અને તે સમયે ગઢની વસ્તી અસ્તવ્યસ્ત થઈ ગયેલી. તેથી જસાજીએ સંવત ૧૫૦૧માં કામલુગઢના નામ ઉપરથી રાણના ઝાડ પાસે જુના પાદરે નવું કંબોઈ વસાવ્યું. સમય જતા જુના પાદરે વસેલા કંબોઈમાં અશાંતિ થતા સંવત ૧૬૩૭માં મહા સુદ આઠમને મંગળવારના દિવસે સોલંકી વંશજોએ જુના પાદરથી ફરીથી હાલનું ગામ છે. ત્યાં તોરણ બાંધી લોકો સાથે આવીને વસવાટ કરેલો. ગામની પૂર્વ દિશાએ જાગીરીના વહીવટ માટે કચેરીઓ બંધાવી પશ્ચિમ દિશાએ ઠાકોર સાહેબની બેઠક માટે કચેરી બંધાવી અને છેલ્લે ચાર પાટીની ચાર કચેરીઓ બંધાવેલ જે આજે હયાત છે.

**સમાપન :**

કાલરીગઢના સોલંકી શાસકોએ કાલરીમાં ઘણા લાંબા સમય સુધી શાસન કરેલું અને છેલ્લા શાસક તેજમાલજી અને વજેરાજજીને મહમંદ બાદશાહ સાથે યુદ્ધ થતા તેમાં વજેરાજજી વીરગતિ પામ્યા અને તેમની વિધવા રાણી અનોપકુંવરબાએ બનાસકાંઠામાં કામલુગઢ બંધાવેલો અને કામલુગઢના સોલંકી શાસકોએ રાજ કર્યું. સમય જતાં બનાસ નદીના કારણે કામલુગઢ નદીમાં નષ્ટ પામ્યો અને નવા કંબોઈની સ્થાપના સોલંકી શાસકોએ કરી અને ત્યાં રાજ કર્યું. તેમના સમયમાં પ્રજા સુખી અને સંપન્ન હતી.

**સંદર્ભસૂચિ :**


1. માસ્તર ફરામરોજ સોરાબજી, ‘‘પાલણપુર એજન્સીની ડિરેકટરી’’, ભાગ-૧, પ્રજાબંધુ, પ્રિન્ટીંગ વર્કસ, અમદાવાદ, ઈ.સ.૧૯૦૮, પૃ.૧૯૧
2. પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ, ‘‘ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ’’, (મુઘલકાળ)’, ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯, પૃ.૪૪૬
3. સોલંકી જનકસિંહ અને સોલંકી મયુર ધ્વજસિંહ, ‘‘ગઢ કાલરી ઈતિહાસ’’ (અપ્રગટ)
4. बहुरा गोपाल नारायण, “रासमाला” (અનુવાદ) शब्द महिमा प्रकाशन जयपुर, प्रथम खण्ड, १९९५